જાન્યુઆરી ૨૦૧૨

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## કુસંગથી છેટા સારા



# કુસંગ થી છેટા સારા

## સંપાદકીય

બાળમિત્રો,

આપણામાં કહેવત છે ને કે 'સોબત તેવી અસર'. જેનો સંગ સુધર્યો, એનું બધું જ સુધર્યું. અને જેનો સંગ બગડ્યો એનું બધું જ બગડ્યું. ખરાબ સંગને કુસંગ કહેવામાં આવે છે. એનાથી તો બચતા જ રહેવું સારું. એટલી હદે કેહવાય છે કે, ટી.બી.નો ચેપ સારો પણ કુસંગનો ચેપ નહીં સારો. કારણ કે ટી.બી. તો એક અવતારનું મરણ લાવે. જ્યારે કુસંગ અનંત અવતાર બગાડી નાખે. એટલે કુસંગ બહુ જોખમી છે.

કુસંગ અને સત્સંગ વચ્ચેનો તફાવત તેમજ કુસંગના પરિણામો કેવા ભયંકર હોય છે એની સમજણ પરમ પૂજ્ય દાદાશ્રીએ આ અંકમાં આપી છે.

તો ચાલો, આપણે પણ કુસંગને ઓળખીએ અને એનાથી છેટા જ રહીએ.

- ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


૧ દાદાજી કહે છે..
૨ કુસંગથી છેટા સારા
૬ આ તો નવી જ વાત !
૮ કુસંગ દુખ જ લાવે
૧૨ ઐતિહાસીક ગૌરવગાથાઓ
૧૪ બાળકો સાથે પૂજ્યશ્રી
૧૫ મીઠી યાદેં
૧૬ તમારી જાતને ચકાસી જુઓ!
૧૭ ક્રીએટીવ રાઈટીંગ સ્પર્ધાનું પરિણામ



તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૫
સળંગ અંક : ૪૧
જાન્યુઆરી'૨૦૧૨



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:
akramexpress@dadabhagwan.org
અમદાવાદ : (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૭૫૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૦૭૯૫૬૪૦૬૨૫૩
Website: kids.dadabhagwan.org



Printed, Published and Owned by : Dimple Mehta on behalf of Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
Published at Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printing Press:-
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવા.



બે જાતના સંગ. એક કુસંગ અને બીજો સત્સંગ. જ્યાં કોઈને સુખી કરવાની ઈચ્છાઓ, ભાવનાઓ હોય, એવી બધી વાતો હોય ત્યાં સત્સંગ છે. અને જે આપણને અવળે રસ્તે લઈ જાય એ બધા જ કુસંગ. સત્સંગમાં આવવાથી પ્રકાશ થાય, બળતરા બંધ કરી દે અને કુસંગ બળતરા ઉભી કરે.

કોઈ કહે કે હું દારુડિયા જોડે ફરું છું, પણ હું દારુ નહીં જ પીવાનો. પણ કુસંગ એનો સ્વભાવ છોડે નહીં. એક દિવસ એ દારુ પીતો થઈ જ જાય. માટે કુસંગથી તો બહુ છેટા રહેવું જોઈએ. એની અસર મન પર થાય, બુદ્ધિ પર થાય, ચિત્ત પર થાય, અહંકાર પર થાય, શરીર પર થાય. એક જ વર્ષના કુસંગની અસર પચ્ચીસ પચ્ચીસ વર્ષ સુધી રહ્યા કરે. એટલે એક જ વરસ દહાડાનું કેટલું બધું ખરાબ ફળ આવીને ઊભું રહે છે, એ પછી પસ્તાવો કર કર કરે તો ય છૂટે નહીં.

# દા દા જી ક હે છે..



પ્રશ્નકર્તા : એનો અર્થ એવો થયો કે કુસંગ નિશ્ચયબળને કાપી નાખે


દાદાશ્રી : હા,નિશ્ચયબળને કાપી નાખે ! અરે, માણસનું આખું પરિવર્તન જ કરી નાખે.સત્સંગેય માણસનું પરિવર્તન કરી નાખે. પણ એક ફેરો કુસંગમાં ગયેલો,એને સત્સંગમાં લાવવો હોય તો બહુ અઘરો પડી જાય અને સત્સંગવાળાને કુસંગી બનાવવો હોય તો વાર જ ના લાગે. કારણ કે કુસંગ એ લપસણું છે, એક ફેરો લપસ્યા પછી વધારે ને વધારે લપસ્યા જ કરે અને સત્સંગ એ ચઢવાનું છે.

એટલે જેનો સંગ સુધર્યો એનું બધું જ સુધર્યું અને જેનો સંગ બગડ્યો એનું બધું જ બગડ્યું. સત્સંગ મળ્યો હોય તો (પ્રગતિના) પાંચસો પગથિયા ચઢી જાય ને એકાદ કુસંગથી હજાર પગથિયા ઊતરી પણ પડે એમાં ઠેકાણું નહીં. માટે સત્સંગમાં ગમે તેટલા કષ્ટ પડે તે સારા, પણ કુસંગમાં ગમે તેટલું સુખ મળે તો ય નકામું.

દાદાનું નિદિધ્યાસન નિરંતર રહેવું જોઈએ. આંખ મીંચીને દાદા દેખાય તો કુસંગ અડે જ નહીં ને !

સત્સંગથી કુસંગના પરમાણુ નીકળી જાય અને નવા શુધ્ધ પરમાણુ દાખલ થાય.


# કુસંગથી



ચેતન અને વિહાર બન્ને એક પૂજારીના પુત્રો હતા. એમના પિતા શહેરના એક મંદિરમાં પૂજારી તરીકે સેવા આપતા હતા. ઓછી આવક છતાં તેઓ સંતોષી જીવન જીવતા હતા. શહેરના લોકો સાંજે તેમની પાસે કથા સાંભળવા આવતા. બધા તેમના સેવાભાવી સ્વભાવથી ખૂશ હતા એટલે દક્ષિણામાં બાળકોને કંઈક ને કંઈક ભેટ આપી જતા. બાળકોને પણ લોકોના આવવા જવાથી આનંદ મળતો અને પિતાની ધાર્મિક વાતોથી સત્સંગનું વાતાવરણ મળતું. આમ ચેતન અને વિહારમાં નાનપણથી જ સુસંસ્કારોનું સિંચન થયા કરતું.

વખત જતાં પૂજારીને ટી.બી. થયો. આખો દિવસ ખાસી આવવાથી એમના માટે કથા કરવાનું મુશ્કેલ બની ગયું. આથી મંદિરમાં લોકોની અવરજવર ઘટવા લાગી. બીમારીની સારવારમાં ખર્ચા વધવા લાગ્યા એટલે ચેતન અને વિહારને શાળામાંથી ઊઠી જવું પડ્યું.

એવામાં ચેતનને એક વિચાર



સૂઝ્યો. એણે લોકોને કીર્તન-ભક્તિ કરવા માટે મંદિરમાં આવવા આમંત્રણ આપવાનું શરૂ કર્યું. બન્ને પુત્રોને તબલા અને હરમોનિયમ વગાડતા તો પૂજારીએ શીખવ્યું જ હતું. એમનો કંઠ પણ સારો હતો. રોજ સાંજે મંદિરમાં ભક્તિ જામતી. લોકોની અવરજવર ફરી વધવા લાગી.

એક દિવસ વિહાર પિતાની દવા લેવા બજારમાં ગયો. રસ્તામાં એની સ્કૂલનો છોકરો અનુપ મળ્યો. લાંબા વાળ, કાનમાં કડી અને હાથમાં સિગરેટ. અનુપનું આ રુપ જોઈને વિહાર ડઘાઈ જ ગયો. એણે એને પૂછ્યું, ‘‘અનુપ, ક્યાં જાય છે?’’ અનુપે વિહારના ગળામાં હાથ ભેરવીને કહ્યું, ‘‘યાર, પત્તા રમવા જઉં છું. એમાં જેટલા જીતીશ એનાથી હોટલમાં ખાવા જઈશ.’’

‘‘જીતીશ એટલે ? તુ જુગાર રમવા જાય છે ?’’ વિહારે ધ્રુજારી સાથે પૂછ્યું.

વિહારનો ભયભીત ચહેરો જોઈને અનુપે કહ્યું, ‘‘અરે, જુગાર રમવો ગુનો હોત તો ઠેર ઠેર એના અડ્ડા ન હોત. અને રોજ રોજ નવું નવું મનપસંદ ખાવાનું મળે તો કોણ છોડે!

**‘‘યાર, પત્તા રમવા જઉં છું. એમાં જેટલા જીતીશ એનાથી હોટલમાં ખાવા જઇશ’’**



ચાલ, આજે તુ ય રમી લે એટલે તારો ડર નીકળી જાય.'' અનુપે વિહારને ખેંચતા કહ્યું..''આજે નહીં, કાલે આવીશ. ઘરે મારી રાહ જોવાય છે.'' વિહાર ચટપટું ખાવાના નામ પર લલચાઈ ગયો. બીજા દિવસે એ ખોટું બોલી અનુપ સાથે ગયો.

પહેલી વાર એ જુગાર રમ્યો. સાથે રમનારાઓએ પણ વિહારને નવો જાણી એ દિવસે દિલથી જીતવા દીધો. આટલા બધા પૈસા પોતાના થયેલા જોઈ વિહારને થયું, ''આટલા પૈસા તો હું ને ચેતન એક અઠવાડિયા સુધી કિર્તન-ભક્તિ કરીએ તો ય ભેગા નથી કરી શકતા. આમ એનામાં જુગારની લાલચ પેઠી. અનુપને સગરેટ ફૂંકતો જોઈ એને થતું કે અનુપની આ આદત ખોટી છે. પણ એ વિચારતો કે, ''હું ક્યાં બીડી કે સિગરેટ પીઉં છું. હું તો અની સાથે ખાલી ફરું જ છું.'' પણ એમ કરતા કરતા વિહારને ખબર પણ ન પડી કે એ ક્યારે સિગરેટ પીતો થઈ ગયો. ધીમે ધીમે એને બધી ખરાબ આદતો પડવા લાગી. ધીમે ધીમે ચેતનને ખ્યાલ આવવા લાગ્યો કે વિહાર ખરાબ લતે ચડી ગયો છે. એક દિવસ એણે શાંતિથી વિહારને સમજાવવાનો પ્રયત્ન કરતા કહ્યું, ''ટી.બી.ને કારણે તું પિતાજીની હાલત તો જુએ છે ને, સાચું કહું તો તું જે આ છોકરાઓ સાથે ફરે છે ને તે ટી.બી. કરતા પણ વધારે જોખમી છે.

'' ચેતન વધુ કંઈ બોલે એ પહેલા જ એને અટકાવી વિહારે કહ્યું, ''ચાલ આજે તું પણ મારી સાથે.'' ને હાથ પકડીને એ ચેતનને લઈ ગયો.

બધા મિત્રો ભેગા થઈને પહેલા એક થિયેટરમાં ગયા. ત્યાં ૩-ડી એનિમેશન ફિલ્મ જોઈ. પછી હોટેલમાં જમવા ગયા. સરસ મજાનું પેટ ભરીને જમ્યા બાદ બધા પાનના ગલ્લે પાન-બીડી લેવા ગયા. બધું પતાવીને ગપ્પા મારતા મારતા, મજાક-મશ્કરી કરતા કરતા ઘરે આવ્યા. ચેતને વિહારને પૂછ્યું કે, ''આ બધાના પૈસા ?'' વિહારે કહ્યું, ''આ તો મારા એક ફ્રેન્ડની બર્થ ડે પાર્ટી હતી. પણ તુ સાચુ કહે, તને મજા આવીને ?''

આ પ્રશ્નએ ચેતનને વિચાર કરતો કરી મૂક્યો. એક ખૂણામાં ક્યાંક એને પણ ગમ્યું તો હતું જ. એને થયું, વિહાર રોજ આવી ધમાલ મસ્તી કરે છે. એને મજા આવતી હશે !

પણ રાત વિતી ને વાત વિતી. બીજા દિવસે સવારથી ચેતન, પિતાની સેવા અને કીર્તનની તૈયારી કરવામાં લાગી ગયો અને વિહાર, રખડવા અને મોજ મસ્તીમાં. ચેતનને ક્યારેક વિહાર સાથે જવાનું મન થઈ જતું પણ પિતાજીને છેતરીને જવાનું યોગ્ય ન લાગતાં એ રોકાઈ જતો. સાંજની ભક્તિમાં, ભગવાનમાં ઓતપ્રોત થતાં એ ફરી આનંદમાં આવી જતો.


બીજી બાજુ વિહારે બધી હદ વટાવી દીધી. નાનો-મોટો ધંધો ને કાળા બજાર કરીને એ પૈસા બનાવવા માંડ્યો. પૂજારીને જાણ થતાં એમણે એને ઘરમાંથી કાઢી મૂક્યો.

સમય તો જાણે સરકતો હતો. બન્ને ભાઈઓ યુવાન થયા. ચેતને પિતાજીનું પૂજારીનું કાર્ય હાથમાં લીધું. ચેતનનું જીવન એ જ સાદુ-સરળ અને પૂજારી જેવું ધાર્મિક રહ્યું. જ્યારે વિહાર કૂદકે ને ભૂસકે શ્રીમંત થઈ ગયો. વિહારના જીવનમાં પૈસાની સાથે સાથે અશાંતિ, અંજપો અને બળતરા પણ વધતા ગયા. ક્યારેક ખૂબ અજંપો થાય તો એ ભાઈને યાદ કરી મંદિરે કીર્તનમાં જોડાતો. વિહારને ચેતનનો આનંદ-ઉલ્લાસ જોઈને થતું કે, મને પણ આવો આનંદ જોઈએ છે. પણ એકાદ દિવસની મંદિરની મુલાકાત બાકીના

## “વિહારને ચેતનનો આનંદ-ઉલ્લાસ જોઈને થતું કે, મને પણ આવો આનંદ જોઈએ છે”

અઠવાડિયામાં ક્યાંય વિસરાઈ જતી. ઈચ્છવા છતાં ય વિહાર એના મિત્રોના ટોળામાંથી બહાર નીકળી શકતો નહોતો.એક વાર પૈસા બાબતે એનો એના મિત્રો જોડે ખૂબ ઝઘડો થયો. જોતજોતામાં એના મિત્રો જ એના કટ્ટર દુશ્મન બની ગયા. વિહાર પાસે ખોટા પેપર પર સહી કરાવી એમણે વિહારના બધા પૈસા લઈ એને પાયમાલ બનાવી દીધો. પૈસા તો ગયા પણ અશાંતિ અને બળતરા વિહાર પાસે જ રહ્યા. ખભે હાથ મૂકી સાંત્વન આપવાવાળું આજે એની પાસે કોઈ ન રહ્યું.ગઈ કાલ સુધીના જીગરી દોસ્તો આજે સામુ જોવા પણ તૈયાર ન હતા. તદ્દન હતાશ અને નિરાશ થઈ ગયેલા વિહારને કંઈ સૂઝતું ન હતું. એને ઘર યાદ આવી ગયું પણ ચેતન અને પિતાજીને શું મોંઢું બતાવે? અંતે એ ભટકતો રહ્યો.

એક વારની એ પતાની રમત ! એની અસર એટલી ઊંડી થઈ કે એમાં લપસાતા લપસાતા વિહાર નરક જેવી જીંદગીની ખાઈમાં ગરકાઈ ગયો.



**માટે કુસંગથી છેટા સારા !**

કુસંગ પેસે એટલે
દિલ બગડે ને
દિલ બગડે એટલે
ભગવાન મહીંથી
ખસી જાય. દિલ
પર જ બધો
આધાર છે ને !
દિલ ગયું કે
ખલાસ !



# આ તો નવી



કુસંગનો
ભીડો હોય
ત્યાંથી દુઃખ
જાય નહીં ને
સત્સંગનો
ભીડો હોય
ત્યાંથી સુખ
જાય નહીં !




કુસંગ એ જ
પોઈઝન છે.
કુસંગનો ભીડો
આવે તો માણસ
ખલાસ થઈ જાય.
અરે, સહેજ
કુસંગ અડકે તો
ય ખલાસ થઈ
જાય. દૂધપાક
હોય, તેમાં સહેજ
મીઠું નાખ્યું તો
આખો દૂધપાક
બગડી જાયને.!

# જ વાત !!


ધર્મથી
દૂર
કરાવડાવે
એ
કુસંગ.




# કુસંગ દુઃખ જ લાવે


ઉનાળાના દિવસો હતા. મિલી, બિલી અને વિન્કી નામની ત્રણ મહેનતુ કીડીઓ શિયાળા માટે ખાવાનું ભેગું કરી રહી હતી. ત્યાં તો ટેડી નામનો એક રખડેલ તિત્તીઘોડો આવ્યો અને એમનો રસ્તો રોકીને બેસી ગયો.
અમને શું કામ હેરાન કરે છે ? પ્લીઝ, અમને કામ કરવા દે. અને તું પણ તારું કામ કર. તારે શિયાળા માટે તૈયારી નથી કરવી ?
લા....લાલા... લલલાઆઆ..
ઓહોહો... શિયાળાને તો હજી ઘણો ઘણો સમય છે ! અત્યારથી આટલી મહેનત કરવી એ તો સાવ મૂર્ખાઈ છે. આ તો મોજ મસ્તીના દિવસો છે.
પરસેવે રેબઝેબ વિન્કી થોડો આરામ કરવા બેઠી, ત્યાં તો ટેડી આવ્યો અને એને ચડાવવા લાગ્યો.
વિન્કી, તું તો કેટલી હોંશિયાર અને સ્માર્ટ છે. તું ક્યાં આ મહેનતમાં ફસાઈ ગઈ ? આપણા જીવનનું સૂત્ર તો હોવું જોઈએ, "ખાઓ, પીઓ અને જલસા કરો."


ના, ના, એવું નહીં. મને શીખવાડવામાં આવ્યું છે કે કામ કરવાના સમયે કામ કરવાનું અને મજા કરવાના સમયે મજા કરવાની.
જવા દે આ બધી વાતો. જીંદગી તો મોજમજા કરવા માટે છે. હું તો આ ચાલ્યો મજા કરવા, તું આવે છે?
ટેડી સાચું જ કહે છે ! એ કેટલી મજા કરે છે અને મારે આ તડકામાં મજુરી કરવાની. જીંદગી હોય તો ટેડી જેવી !
શું વિચારમાં ખોવાઈ ગઈ ? મિલી અને બિલી તો કામ કરે જ છે ને ! તને તો બેઠા બેઠા મફતમાં ખાવાનું મળશે. બોલ, આવવું છે ફરવા ?
સારુ, ચલ જઈએ.
લેક આગળ બેસીને વિન્કી, ટેડી અને ટેડીના મિત્રોએ, સસલાથી માંડીને હાથી અને સિંહની કૂથલી અને ટીખળ કરી ખૂબ ખૂબ હસ્યા.


બીજા દિવસે, મિલી અને બિલીએ, વિન્કીને સમજાવવાનો પ્રયત્ન કર્યો.
વિન્કી, ટેડીની સોબતમાં બહુ મોટું જોખમ છે. એનો સંગ રાખીશ તો એના બધા ખોટા સંસ્કાર તારામાં પેસી જશે અને તારી આખી જીંદગીના સંસ્કાર પર પાણી ફરી જશે.
અરે મિલી, તું ચિંતા ના કર. હું ધ્યાન રાખીશ કે એની ઊંધી ટેવોની અસર મારા પર ના થાય.
એ શક્ય જ નથી કે કુસંગની અસર ના થાય. અમે તને ચેતવણી આપીએ છીએ. તું એ કુસંગીઓના ટોળામાં રહીશ તો દુ:ખી થઈ જઈશ.
પણ વિન્કીએ, મિલી અને બિલીની વાત ના માની. ટેડી અને એના મિત્રો સાથે રખડવાની એને મજા પડી ગઈ હતી. એટલે હવે કામમાં પણ એ ગુલ્લીઓ મારવા લાગી અને મિલી અને બિલીને ગણકારતી નહીં.
અંતે વિન્કીને ખરાબ સોબતની અસર થઈ જ ગઈ. એક દિવસ..
મને એક યુક્તિ સૂઝી આવી. આજે પાર્ટી માટે હું મિલી અને બિલીના સ્ટોર હાઉસમાંથી છુપાઈને થોડું ખાવાનું લઈ આવીશ.
ઓહ સરસ !



આમ, દિવસો પસાર થવા લાગ્યા. બે-ત્રણ મહિના પછી ખૂબ કડકડતી ઠંડી પડી. હિમ-વર્ષા થઈ. બધું જ સૂકાઈ ગયું. ટેડી અને વિન્કીને ખાવાના ફાંફા પડવા લાગ્યા. તેઓ બધા પાસે ખાવાનું માંગવા લાગ્યા.
સસલાભાઈ, થોડું ખાવાનું આપશો ?
કામ કરવાના ટાઈમે રખડતી હતી ને! મારી પાસે કશું નથી તને આપવા માટે.
એક દિવસ ઉંદરના દરમાંથી ખાવાનું ચોરી કરતા વિન્કી પકડાઈ ગઈ.
એય.... ખબરદાર જો અમારું ખાવાનું અડી છે તો. ભાગ અહીંથી.
ભૂખ અને ઠંડીના કારણે વિન્કી સાવ અશક્ત થઈ ગઈ. ખાવાની શોધમાં ભટકતી વિન્કી, મિલી અને બિલીના દર પાસે આવી પહોંચી અને અંદર ડોકિયું કર્યું.
કેવી શાંતિ છે આમને ! આખો ઉનાળો મહેનત કરીને અનાજ ભેગું કર્યું.અને મેં ખોટી સંગતમાં સમય વેડફી નાખ્યો અને રખડી ખાધું. એટલે આજે દુ:ખી થવાનો વખત આવ્યો.
અચાનક, મિલી અને બિલીએ, વિન્કીને બહાર ઠંડીમાં ઠુઠવાતી જોઈ. એને અંદર બોલાવી અને ખૂબ પ્રેમથી જમાડી.
તમે લોકો સાચુ જ કહેતા હતા. હવે મને સમજાયું કે કુસંગ નું પરિણામકેટલું ખરાબ આવે છે. તમે ફરી મારા મિત્રો બનશો ?
પ્રોમિસ
ચોક્કસ ! પણ પ્રોમિસ આપ કે હવે તું કુસંગમાં નહીં જાય !

# ઐતિહાસિક ગૌરવગાથાઓ


મિથિલા નગરીમાં પદ્મરથ નામે રાજા રાજ્ય કરતા હતા. એમને નમિકુમાર નામે પુત્ર હતો. વખત જતા નમિકુમાર યુવાન થયા. એમના પિતાએ એમને રાજ્ય કારભાર સોંપી પોતે દીક્ષા લઈ ચાલી નીકળ્યા. યુવાન નમિરાજ હજાર સ્ત્રીઓને પરણ્યા અને ન્યાયથી રાજ્યનું પાલન કરવા લાગ્યા.

એક વખત નમિરાજના શરીરમાં દાહજ્વરની વ્યાધિ (ખૂબ બળતરા) ઉત્પન્ન થઈ. શરીર દાહથી બળવા લાગ્યું. રાજવૈદોને બોલાવવામાં આવ્યા. તેઓએ દાહને શાંત કરવા ચંદનનો લેપ કરવાનું કહ્યું. આ સાંભળી નમિરાજની હજાર રાણીઓ એકી સાથે ચંદન ઘસવા લાગી. ચંદન ઘસવાનું કામ થવા લાગ્યું પણ એક સાથે બે-હાજર હાથમાં રહેલા કંકણ (બંગડી)નો અવાજ પણ શરુ થઈ ગયો. એ અવાજ એટલો બધો અસહ્ય બન્યો કે પરિણામે રાજાને અશાન્તિ વધી ગઈ. રાજાએ મંત્રીને બોલાવીને આ ઘોંઘાટ બંધ કરવાની સૂચના આપી. મંત્રીએ એ ખબર રાણીઓને આપ્યા. બધી રાણીઓએ તરત જ એકેક કંકણ હાથમાં રાખી બાકીની ઊતારીને ચંદન ઘસવાનું ચાલું રાખ્યું. દરેકના હાથમાં એક જ કંકણ પહેરેલા હોવાથી કંકણ ખખડવાનો અવાજ બંધ થઈ ગયો. તેથી રજાએ મંત્રીને પૂછ્યું, ''કેમ, ચંદન ઘસવાનું બંધ થઈ ગયું કે શું? મને દાહ ખૂબ થાય છે, ચંદન ઘસવાનું કેમ બંધ કરાવ્યું?''

## " ચંદન ઘસવાનું કેમ બંધ કરાવ્યું ? "



"જ્યાં બે છે ત્યાં જ ઘોંઘાટ છે,
ત્યાં જ અશાન્તિ હોય છે,
ત્યાં જ બંધન છે ."



જવાબમાં મંત્રીએ કહ્યું, ''મહારાજ ! ચંદન ઘસવાનું ચાલું જ છે. પણ અવાજ બંધ થવાનું કારણ તો સર્વ રાણીઓએ એકેક ચૂડી રાખી છે ને બાકી સર્વ ઉતારી નાખી છે. હવે એક હોય ત્યાં ઘોંઘાટ ન જ થાયને.''

આ સાંભળી રાજાની વિચારધારા શરુ થઈ, 'જ્યાં બે છે ત્યાં જ ઘોંઘાટ છે, ત્યાં જ અશાન્તિ હોય છે, ત્યાં જ બંધન છે . એક હોય ત્યાં પરમશાંતિ જ છે. માટે આ વ્યાધિ (દર્દ) મટે કે તરત જ એકલા દીક્ષા લઈ નીકળી પડવું.''

થોડા દિવસોમાં વ્યાધિ મટી ગયો, અને નમિરાજ રાજ્ય કારભાર પુત્રને સોંપી પોતે દીક્ષા લઈ ચાલી નીકળ્યા.

આમ અચાનક દીક્ષા લીધી તેથી દેવલોકથી ઈન્દ્ર મહારાજ પોતે તેમના વૈરાગ્યની પરીક્ષા કરવા બ્રાહ્મણના વેશમાં આવ્યા. એમને જુદા જુદા પ્રશ્નો પૂછી અનેક લાલચો આપી. ઈન્દ્રને યોગ્ય જવાબ આપી તેઓ અડગ રહ્યા. આમ તેઓ પોતાના વૈરાગ્યમાં સ્થિર જ રહ્યા. અંતે ઈન્દ્રે એમની કસોટી પૂરી કરી, ક્ષમા માગી પોતાના સ્થાને પાછા ફર્યા.

અને નમિરાજર્ષિ પોતાના આત્મકલ્યાણના માર્ગે આગળ વધી મુક્તિ પામ્યા.

# બાળકો સાથે પૂજ્યશ્રી

પ્રશ્નકર્તા : મને મારા પપ્પા મમ્મી સમજતા નથી. તો એ લોકો સમજે એની માટે મારે શું કરવું ?

પૂજ્યશ્રી : તને સમજતા નથી ? તને કેવી રીતે ખબર પડી કે મને સમજતા નથી?

પ્રશ્નકર્તા : અમૂક વાર હું સાચી હોઉ પણ એ લોકો માને નહીં.

પૂજ્યશ્રી : કયા આધારે તુ માને છે કે તું સાચી છું ?

પ્રશ્નકર્તા : એટલે ઘણીવાર એવું થાય કે એમને એમ લાગે કે હું મસ્તી કરું છું, પણ ખરેખર એ સાચું હોય નહીં.

પૂજ્યશ્રી : એવું લાગે તો મમ્મી સાથે સામસામે બેસીને ખુલાસો કરી લેવાનો કે મારો ભાવ આવો હતો, મારી આવી સમજણ છે. તમે શું કહો છો ? બાકી મમ્મી પપ્પા સમજતા નથી એવું ના હોય. આમા પ્રોબ્લેમ ક્યાં આવતો હોય છે, આપણને આપણું ધાર્યું કરવું છે. રમવા જવું હોય, ટી.વી. જોવું હોય, કોમ્પ્યુટરમાં ગેમ રમવી હોય અને મમ્મી ના પાડે, એવું થાયને પછી ?


પ્રશ્નકર્તા : હા.

પૂજ્યશ્રી : પણ ખરેખર મમ્મી આપણા કરતા મોટી છે કે નાની છે ?

પ્રશ્નકર્તા : મોટી.

પૂજ્યશ્રી : તો મમ્મીને વધારે સમજણ હશે કે આપણને વધારે સમજણ હશે ?

પ્રશ્નકર્તા : મમ્મીની.



પૂજ્યશ્રી : તો પછી મમ્મીની સમજણ પ્રમાણે ચાલવું જોઈએ કે આપણી સમજણ પ્રમાણે ચાલવું જોઈએ ?

પ્રશ્નકર્તા : મમ્મીની.

પૂજ્યશ્રી : અને પપ્પા કમાઈને લાવે છે અને જો તને મોકલે તો તું કમાવા જાય ખરી ? તને કોઈ પૈસા આપે ખરા ?

પ્રશ્નકર્તા : ના.

પૂજ્યશ્રી : તો પપ્પાને આપણા કરતા વધારે સમજણ હશેને ? એટલે આપણે મમ્મી પપ્પાને કહેવાનું કે તમે જેમકહો છો એવી રીતે હું કરીશ. આપણે શું વાંધો છે ? અત્યારથી જો મમ્મી પપ્પા મને સમજતા નથી એવું માનીએને તો પછી બહુ દુઃખ રહે આપણને. અને ખરેખર મમ્મી પપ્પા તો તારા કલ્યાણ માટે અને તારા હીતને માટે જ બધુ કરતા હોય છે. તું માંદી પડે તો તરત તને સારા ડોક્ટર પાસે લઈ જાય સારામાં સારી દવા કરે. ગમે એટલા પૈસા ખર્ચ કરવા પડે તોય કરે છે ને. એમને તારી પર કેટલો બધો પ્રેમછે ને ? એટલે આપણે એવું મનમાં નહી સમજવાનું કે મમ્મી પપ્પા મને સમજતા નથી. મમ્મી પપ્પાનો ઉપકાર માનવાનો અને એની વાતને સમજવાનો પ્રયત્ન કરવાનો. જેટલું સમજીને કરીશને એટલું તનેય આનંદ થશે અને મમ્મી પપ્પાનેય આનંદ થશે.

# મીઠી યાદેં



મુસાફરી દરમ્યાનનો એક પ્રસંગ છે. ટ્રેઈનની મુસાફરી હતી. ફર્સ્ટ ક્લાસની ટિકિટ હતી. નીરુમા સાથે બે બ્રહ્મચારી ભાઈઓ હતા. આમ ત્રણ ટીકીટ આપણી હતી અને એક ટીકીટ બીજાની હતી.

નીરુમા પાછળ બેઠા હતા. સામાન સીટ નીચે ગોઠવ્યો હતો. બે-ત્રણ વખત એવું બન્યું કે સામાનમાંથી કંઈક જોઈતું હતું. તેથી એક ભાઈએ બે-ત્રણ વાર નીચેથી ફટાફટ સામાનમાંથી કાઢ્યું. નીરુમાએ આ જોયું. એમણે કહ્યું, ''આવી રીતે ફાસ્ટ ફાસ્ટ કરવા જઈએને, તો સામેવાળી વ્યક્તિને થોડું ડીસ્ટર્બ થાય. સેવામાં ક્યારેય ઈમોશનલ નહીં થવાનું. આજે બીજાને આવું આપણા નિમિત્તે ડીસ્ટર્બ થાય છે, એ આપણને જાગૃતિ રહેવી જ જોઈએ.''

નીરુમા એવું કહેતા, ''અમે અમેરીકા જતા હોય તો ત્યાં તો બહુ જ સુસંસ્કૃત લોકો હોય. જરાક આવું તેવું હોયને તો ડીસ્ટર્બ થઈ જાય બધા. અમારે ક્યાંક બહાર જવાનું થાય અને અમારા ભાગે કંઈક આવે તો અમારે કેટલાને ડીસ્ટર્બ થાય છે એ ખબર જ ના પડે, જો આવું ઈમોશનલ થઈને કરીએ તો. ભલે અમારે થોડુંક એડજસ્ટમેન્ટ લેવું પડે પણ બીજા કોઈ ડીસ્ટર્બ ના થાય એ અમારે હંમેશા ધ્યાન રાખવાનું જ હોય.''

જોયું મિત્રો, જ્ઞાનીઓ સેવા માટે પણ કેવું સુંદર ઘડતર કરતા હોય છે.

★★★★★

બ્રહ્મચારી ભાઈઓએ જ્યારે ગામેગામસત્સંગ કરવા જવાની શરુઆત કરી ત્યારે દીપકભાઈએ એમને એક સુંદર ચાવી આપતા કહ્યું, ''બની શકે કે સત્સંગ દરમ્યાન તમને એકબીજા માટે થાય કે આ વધારે પડતું બોલે છે, મને બોલવાનો મોકો જ નથી મળતો, લોકોના પ્રશ્નો એ બરાબર સમજી શકતો નથી, સરખી રીતે સમજાવી શકતો નથી વગેરે. આવા વખતે સારામાં સારો રસ્તો છે, પ્રાર્થના. મને તમારા માટે ઈર્ષ્યા થતી હોય કે આ બહુ આગળ આવી ગયા અને હું પાછળ રહી ગયો તો એવા સમયે આપણે એની અંદર રહેલા ભગવાનને પ્રાર્થના કરવાની કે એમને બહુ સરસ શક્તિ આપજો, એમને બહુ જ આગળ લઈ જજો, ખૂબ પ્રગતિ કરે, દાદાની વાત ખૂબ સરસ સમજાવે એવી બધી પ્રાર્થનાઓ અંદર ચાલું કરી દેવાની. જગત શું છે ? પડઘા સ્વરૂપ જ છે. આજે જ્યારે હું ભાવના કરું છું કે આ ખૂબ સરસ સમજાવે, ખૂબ સરસ સમજાવે એટલે એ પડઘા પછી મારા પર જ આવશે. એટલે મારી અંદર જ સારું સમજાવવાની શક્તિ ઉત્પન્ન થશે. અને હું જો એમકહું કે આ બરોબર નથી કરતો અને મારે એના કરતા આગળ વધી જવું છે તો હવે એ પડઘા એને અડતા જ નથી પણ મને જ પાછા આવે છે. અને મારી શક્તિઓ વધવાને બદલે ખલાસ થઈ જાય છે. માટે આપણને જે વ્યક્તિ માટે સ્પર્ધા થાય, ઈર્ષ્યા થાય એ જ વ્યક્તિ માટે પ્રાર્થના ચાલુ કરી દેવાની કે એ ખૂબ આગળ વધો, ખૂબ આગળ વધો. આંમકરવાથી આપણી અંદર પણ એ વ્યક્તિની શક્તિ ઉત્પન્ન થવા માંડે અને જો ઈર્ષ્યા કરીએ તો આપણી શક્તિઓ હણાઈ જાય.''

જોયું મિત્રો, જ્ઞાનીઓ પાસે ઈર્ષ્યાને તોડવાની કેટલી સુંદર સમજણ હોય છે.

# તમારી જાતને ચકાસી જુઓ !!!

બાજુના ચોકઠામાં આઠ અક્ષરોનો એક અર્થપૂર્ણ મેસેજ છૂપાયેલો છે. દરેક અક્ષર બાજુના ચોકઠામાં આડી, ઉભી કે ત્રાસી હરોળમાં સળંગ ચાર વાર મૂકવામાં આવ્યા છે. તો એ આઠ અક્ષરો શોધી, એને ગોઠવી મેસેજ શોધી કાઢો.



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લ | સા | સા | સા | સા | મ | જ | જ | સં | છુ | થી |
| લ | ળ | ળ | રા | ક્ષ | મ | લ | સં | છુ | ભ | રા |
| લ | ળ | કુ | ક્ષ | ક્ષ | મ | સં | છુ | ડુ | ભ | રા |
| છે | છે | છે | કુ | ક્ષ | સં | જ | જ | જ | ભ | રા |
| સા | થી | સા | સા | કુ | વા | છે | છે | છે | છે | રા |
| સા | થી | રા | ળ | વા | કુ | ભ | ભ | ચ | ચ | ચ |
| ટા | થી | રા | ડુ | ડુ | ડુ | ગ | ગ | ગ | ગ | ને |
| ટા | થી | ટા | ટા | ટા | ટા | ડુ | ડુ | ડુ | ને | ને |

મેસેજ :____ __ __

# ક્રીએટીવ રાઈટીંગ સ્પર્ધાનું પરિણામ

મિત્રો,

'ક્રિએટીવ રાઈટીંગ સ્પર્ધા' માં ભાગ લેનાર દરેકને ખૂબ ખૂબ અભિનંદન.લખાણનો પ્રયત્ન પ્રસંશાપાત્ર છે. વિજેતાઓને એમના ઈનામ ઘેર બેઠા જ મળી જશે. આશા છે આવી જ રીતે તમે દરેક સ્પર્ધામાં ભાગ લેતા રહેશો.

## ૭ થી ૯ વર્ષ



પહેલું ઈનામ

Name :Meet Bhatt
Guntur.A.P

Age : 7 Years



## Fish pond

This is a picture of Fish pond in that we see many types of colorful fishes. If we keep fish pond in our house we should give them enough food and oxygen. I saw takes this fish pot in zoo in fish pot too. There is no enough space for swimming for fish in manmade sea; I think we should not keep fish in pot. Let us free them.

તમારી જાતને ચકાસી જુઓનો જવાબઃ કુસંગથી છેટા સારા

# Fish pond

બીજું ઈનામ
Name : Dhruvank Shah
Vadodara
Age : 9 Years



All the fishes are sad because their lived three fishes, They are best friends their name was Merry, Shabby and Fairy, Once a man came their and met aaptaputra, they were talking about Dadabhagwan that everything is happening because of Karma. The Fish listened this, on the next day a mother came, she want a fish. Merry told all fish to hide, Shabby told why to live now?, When she will then we will hide. Fairy told 'Didn't you listen about Karma yesterday??' Why are you worrying? The next day mother came and took fairy because of not hiding.


Moral: It doesn't mean that whatever is in 'Karma' we just see and sit but try to do something.

## ૧૦થી૧૨વર્ષ

# સર્કસ



આપેલ ચિત્ર આપણા જીવનનાં મિશ્રભાવ દર્શાવે છે. હાથી શક્તિનું પ્રતિક છે. જેમપાંચ આંગળી મળીને મૂઠી બનાવી શક્તિ મેળવે છે. તે રીતે પાંચ માણસો પણ સાથે મળીને સુંદર કાર્ય કરી જીંદગી નો આનંદ માણે છે. પરંતુ એ વાત છે કે હાથી જે પરિસ્થિતિમાં છે તે માનવસર્જિત છે. જે આપણા પ્રાણીઓ પ્રત્યેની નિર્દયતા દર્શાવે છે. આપણી જીંદગી પણ આ ચિત્રમાં દર્શાવ્યું છે. તે એક સર્કસ છે. આપણે બધા તેના કલાકારો છીએ. જેનું સંચાલન ઈશ્વર કરે છે. તો આપણે ઈશ્વરનો આભાર માની આપણી જીંદગી સુંદર બનાવીએ તેવું ઈચ્છીએ.



પહેલું ઈનામ
નામઃ વિરાજ જોષી
રોજકોટ
ઊંમર - ૧૦વર્ષ

# Circus

બીજું ઈનામ
Name : Vaibhav Bhatt
Guntur.A.P
Age :11 Years



This is a photo of Circus, where the elephants were treated to stand on two legs in front of audience but at the back stage they are treated to perform tricks – 'Its wrong', They should not be treated that way, They should be treated with love n care, They have rights to live in forest, we have no rights to steal their freedom and to separate them from their family, The circus member will catch the elephant and treat them with cruelty, we use them for our entertainment it is not fair. All animal has right to get good food to eat and enough place to live

Moral: Dadaji says for our sake we should not hurt animals.

Akram Express

January 2012
Year : 4, Issue : 5
Conti. Issue No.: 41

BALVIGNAN

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

## ૧૩ થી ૧૫ વર્ષ



**પહેલું ઈનામ**
નામ: પ્રિયમ જોષી
રાજકોટ
ઊંમર -૧૩ વર્ષ

## ઓલ્મપીક્સ



અહીં પાંચ ચિત્ર મળીને એક ચિત્ર બને છે. પ્રથમદશ્યમાં પાંચ રીંગો બતાવી છે. જે ઓલ્મપીક્સની નિશાની છે. પાંચ રીંગની જેમઆપણું શરીર પણ પંચ મહાભૂતનું બનેલું છે. જળ, પૃથ્વી, આકાશ, વાયુ અને અગ્નિ. ચિત્રમાં દર્શાવેલ રીંગ જેમએક બીજા સાથે જોડાઈ મજબુત બને છે. તેમઆપણો દેહ પણ એકબીજા સાથે જોડાઈ મજબૂત બને છે. તેમઆપણો દેહ પણ પંચ તત્વોથી મળીને મજબૂત બને છે. જે મજબૂતી અહીં રમત-ગમત દ્વારા દર્શાવાઈ છે. જે શક્તિ આપણને ભગવાનને યાદ કરવાથી, માનસિક સ્વરૂપે મળે છે. આપણે દેશ અને દુનિયા માટે પણ કંઈક કરવું જોઈએ.

## Olympics

Olympic Games: the modern revival of the ancient games held once every 4 years in a  selected country, as clearly shown in the picture.As a fusion of sports and atheletics, the olympic games are quite popular across the world.In this picture(5 pictures) 4 of them refer to various sports incuding cycling, ice skating, swimming and hockey. The last picture on the top-right denotes the symbol of the olympic games, the five rings.Simple but a beatiful piece of admirable art. For many souls,olympics has been a great deal.

Olympics include good players from countries across the globe, but all with expertise in their respective sport, leading to an immense battle of fury and desire to win. Although the atheletes have to undergo many hardships but the felicitation that is recieved on wining is worth it.This is all i have to narrate for olympics and i hope it inspires you to join it if you do feel shy.



**બીજું ઈનામ**
Name: Sanchit Virani
Rajkot
Age : 11 Years

**અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સુચના**

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.